Signature of Invigilators

1. ................................

2. ................................

Roll No. | | | | | |

(In figures as in Admit Card)

Roll No. ...............................

...............................

(In words)

# LAW

## Paper II

# J—1602

Name of the Areas/Section (if any) ..............................

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter A question should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong Method [ A or [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કૂલ **પચાસ (50)** બહુવિકલ્પીય ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. **સભી** પ્રશ્ન અનિવાર્ય છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધૂમાં વધૂ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : [A] ખોટી રીત : [ A , [A]

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નીરીક્ષકને સોંપી દેવી. કોઈપણ પેપર પરીક્ષા રૂમની બહાર લઈ જવું નહી.

SEAL

# LAW

# વિધિ

## PAPER—II

## પ્રશ્નપત્ર—II

*Note* :— This paper contains **fifty (50)** multiple-choice questions, each question carrying **two (2)** marks. Attempt *all* the questions.

**નોંધ** : – આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્ન છે. દરેક પ્રશ્નના **બે(૨)** ગુણ છે. બધા પ્રશ્નોના ઉત્તર લખો.

1. The Directive Principles of State Policy envisage free and compulsory education for :

(A) All citizens (B) All children

(C) Children of minority (D) None of the above

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કોના માટે મફત અને ફરજિયાત શિક્ષણની હિમાયત કરે છે ?

(A) બધા નાગરીકો (B) બધા બાળકો

(C) લઘુમતીના બાળકો (D) ઉપર પૈકી કોઈ નહિ

2. The concept of Welfare State is found in :

(A) Preamble

(B) Directive Principles of State Policy

(C) Fundamental Rights

(D) Fundamental Duties

કલ્યાણ રાજ્યનો ખ્યાલ શેમાં જોવામાં આવે છે ?

(A) આમુખમાં

(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં

(C) મૂળભૂત અધિકારોમાં

(D) મૂળભૂત ફરજોમાં

3. The obligation on the State imposed by Article 49 of the Constitution to protect monuments is :

(A) Applicable to all monuments irrespective of the period of history they belong to

(B) Applicable only to such monuments as are declared by or under law made by Parliament to be of national importance

(C) Applicable to monuments of ancient India only

(D) Not applicable to monuments erected by British rulers to commemorate their achievements in India

બંધારણના આર્ટિકલ ૪૯ અન્વયે સ્મારકોના રક્ષણ માટેની રાજ્યની જવાબદારી :

(A) તેના ઈતિહાસના સમયગાળાને ધ્યાનમાં લીધા વગર તમામ સ્મારકોને લાગુ પડે છે

(B) સંસદના કાયદા દ્વારા જે સ્મારકોને રાષ્ટ્રીય મહત્વના જાહેર કર્યા હોય તેમને જ લાગુ પડે છે

(C) ફક્ત પ્રાચીન ભારતના હોય તેવા સ્મારકોને જ લાગુ પડે છે

(D) ભારતમાં પોતાની સિદ્ધિઓની ઉજવણી માટે બ્રિટીશ શાસકો દ્વારા સ્થાપિત સ્મારકોને લાગુ પડતી નથી

4. The Preamble to the Constitution of India :

(A) is a part of the constitution

(B) is not a part of the constitution

(C) is not amendable part of the constitution

(D) None of the above

ભારતના બંધારણનું આમુખ–

(A) બંધારણનો ભાગ છે

(B) બંધારણનો ભાગ નથી

(C) બંધારણનો સુધારો ન કરી શકાય તેવો ભાગ છે

(D) ઉપર પૈકીનું કોઈ નહી

5. In imposing reasonable restrictions upon the right to assemble peaceably and without arms one of the following considerations is :
(A) The security of state
(B) Morality
(C) The interest of sovereignty and integrity of India
(D) The interest of law, order and morality
શાંતિપૂર્વક નિઃશસ્ત્ર એકત્ર થવાના અધિકાર ઉપર વ્યાજબી નિયંત્રણ મૂકવા નીચેના પૈકી એકને ધ્યાનમાં લેવામાં આવે છે :
(A) રાજ્યની સલામતી
(B) નૈતિકતા
(C) ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતાના હિતમાં
(D) કાયદો, વ્યવસ્થા અને નૈતિકતાના હિતમાં

6. A wrongful assumption of a public office can be corrected by a writ of :
(A) Habeas corpus (B) Quo warranto
(C) Mandamus (D) Certiorari
ગેરવ્યાજબી રીતે જાહેર હોદ્દો પચાવી પાડવાનું કૃત્ય નીચેના પૈકીના કયા આજ્ઞાપત્ર (રીટ) દ્વારા સુધારી શકાય ?
(A) બંદી પ્રત્યક્ષકરણનું આજ્ઞાપત્ર (B) અધિકારપૃચ્છાનું આજ્ઞાપત્ર
(C) પરમાદેશનું આજ્ઞાપત્ર (D) ઉત્પ્રેષણનું આજ્ઞાપત્ર

7. When a writ is issued to an inferior court or tribunal from exceeding its jurisdiction or acting contrary to the rules of natural justice it is called a writ of :
(A) Mandamus (B) Prohibition
(C) Quo Warranto (D) None of these
જ્યારે નીચેની અદાલત કે ટ્રીબ્યુનલ પોતાની હકૂમતના અતિરેકમાં કે કુદરતી ન્યાયના નિયમો વિરુદ્ધ કામ કરે તો જે આજ્ઞાપત્ર આપી શકાય છે તેને –
(A) પરમાદેશનું આજ્ઞાપત્ર (B) પ્રતિબંધક આજ્ઞાપત્ર
(C) અધિકાર પૃચ્છાનું આજ્ઞાપત્ર (D) આમાંથી કોઈ નહી–કહેવાય.

8. State whether the following statement is *True* or *False* :
The Constitution of India vests Supreme Command of defence forces of the Union in the Defence Minister.

(A) True (B) False

નીચેનું વિધાન ખરૂં છે કે ખોટું તે જણાવો :
ભારતનું બંધારણ સંઘના સંરક્ષણ દળોનું આધિપત્ય સંરક્ષણ મંત્રીમાં નિહિત કરે છે.

(A) ખરૂં (B) ખોટું

9. "Jurisprudence is the lawyers' extra version." This statement was made by :

(A) Holmes
(B) Salmond
(C) Austin
(D) Julius Stone

વિધિ મીમાંસા વિધિશાસ્ત્રીનું બર્હિગમન છે. આ વિધાન કોનું છે ?

(A) હોમ્સ
(B) સામંડ
(C) ઓસ્ટીન
(D) જુલીઅસ સ્ટોન

10. Which of the following is *not* a legal source of law ?

(A) Legislation
(B) Precedent
(C) Custom
(D) Decisions of the Foreign Courts

નીચેનામાંથી કયું કાયદાનું કાનૂની ઉદગમસ્થાન નથી

(A) વિધિવિધાન
(B) પૂર્વનિર્ણય
(C) રૂઢી
(D) વિદેશી અદાલતોના ચૂકાદા

11. The history of the National Law is a tale of the search of mankind for absolute justice and its failure. Who said this ?

(A) Friedman
(B) H. L. A. Hart
(C) Roscoe Pound
(D) Dicey

નૈસર્ગિક કાયદાનો ઈતિહાસ એ માનવજાતની સંપૂર્ણ ન્યાય માટેની શોધની અને તેની નિષ્ફળતાની કહાની છે

(A) ફ્રીડમેન
(B) એચ. એલ. એ. હાર્ટ
(C) રોસ્કો પાઉન્ડ
(D) ડાઈસી

12. A precedent that creates and applies a new rule of law is called :

(A) A persuasive
(B) Declaratory
(C) Original
(D) None of the above

પૂર્વનિર્ણય જે નવા નિયમનું નિર્માણ કરે છે અને લાગુ પાડે છે તેને

(A) સૂચનાત્મક
(B) જ્ઞાપન કરતા
(C) મૌલિક
(D) ઉપરના પૈકી એકે નહિ

13. Which of the following is *not* the mode of acquisition of possession ?

(A) Taking
(B) Delivery
(C) Theft
(D) None of these

નીચેના પૈકી કઈ પદ્ધતિ કબજો પ્રાપ્ત કરવાની રીત નથી

(A) લઈ લેવાથી
(B) સોંપણીથી
(C) ચોરીથી
(D) આમાંથી કોઈ નહિ

14. "The life of law is *not* logic but experience." This was said by :

(A) Holmes (B) Grey

(C) Austin (D) Kelson

"વિધિનો પ્રાણ તર્ક નથી પણ અનુભવ છે." આ વિધાન કોણે કર્યું છે ?

(A) હોમ્સ (B) ગ્રે

(C) ઓસ્ટીન (D) કેલ્સન

15. Which of the following statements is *correct* ?

(A) Generally a de jure recognition once given cannot be withdrawn.

(B) Recall of diplomatic envoys amounts to withdrawal of recognition.

(C) When a state declares War on the other State, the recognition stands withdrawn.

(D) None of the above

નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) સામાન્ય રીતે કાનૂની માન્યતા એકવાર આપ્યા પછી પાછી ખેંચી શકાતી નથી.

(B) રાજદ્વારી વ્યક્તિઓને પાછા બોલાવવાનો અર્થ માન્યતા રદ કરવાનો થાય.

(C) જ્યારે એક રાજ્ય બીજા રાજ્ય સામે યુદ્ધ જાહેર કરે છે ત્યારે માન્યતા રદ થાય છે.

(D) ઉપરના પૈકી કોઈપણ નહિ

16. Which among the following is *not* the founding member of the U.N.O. ?

(A) South Africa (B) Zambia

(C) India (D) Canada

નીચેના પૈકી કયો દેશ યુ. એન. ઓ. નો મૂળ સભ્ય નથી ?

(A) સાઉથ આફ્રિકા (B) ઝાંબીઆ

(C) ઈંડિયા (D) કેનેડા

17. The seat of the International Court of Justice is at :

(A) Geneva (B) New York

(C) Rome (D) The Hague

આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલત ક્યાં બેસે છે ?

(A) જીનીવા (B) ન્યુયોર્ક

(C) રોમ (D) ધી હેગ

18. In which of the following provisions of U.N. Charter a reference of Human Rights and Fundamental Freedom is made ?

(A) Preamble (B) Article I (1)

(C) Article I (3) (D) Preamble and Article I (3)

રાષ્ટ્રસંઘના ખતપત્રમાં કઈ જગાએ માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

(A) આમુખ (B) આર્ટીકલ I (1)

(C) આર્ટીકલ I (3) (D) આમુખ અને આર્ટીકલ I (3)

19. The U.N.O. was set up in :

(A) 1920 (B) 1939

(C) 1945 (D) 1946

યુ.એન.ઓ.ની સ્થાપના ક્યારે થઈ ?

(A) ૧૯૨૦ માં (B) ૧૯૩૯ માં

(C) ૧૯૪૫ માં (D) ૧૯૪૬ માં

20. Which one of the following is *correct* ?

An individual suffers a wrong at the hands of another state.

(A) Can go to the International Court of Justice

(B) Cannot go to the International Court of Justice

(C) Can go to the U.N.O.

(D) Can go to the General Assembly

જે કોઈ વ્યક્તિ બીજા રાજયના ગેરકાનૂની કૃત્યનો ભોગ બને તો તે વ્યક્તિ

(A) આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતમાં જઈ શકે

(B) આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતમાં ના જઈ શકે

(C) યુ.એન.ઓ.માં જઈ શકે

(D) મહાસભામાં જઈ શકે

21. Cruelty in Hindu Marriage Act means :

(A) Physical Cruelty only (B) Mental Cruelty

(C) Physical and/or Mental cruelty (D) None of these

હિંદુ લગ્ન ધારા અન્વયે ક્રૂરતા એટલે

(A) ફક્ત શારીરિક ક્રૂરતા (B) ફક્ત માનસિક ક્રૂરતા

(C) શારીરિક અને/અથવા માનસિક ક્રૂરતા (D) આમાંથી કોઈ નહિ

22. In case of dissolution of Muslim marriage, the period of Iddat to be observed is :

(A) Three months (B) Three months, ten days

(C) Four months, ten days (D) Six months

મુસ્લિમ લગ્નવિચ્છેદના પ્રસંગે ઈદ્દત પાળવાનો ગાળો

(A) ત્રણ મહિના છે (B) ત્રણ મહિના અને દસ દિવસનો છે

(C) ચાર મહિના અને દસ દિવસનો છે (D) છ મહિનાનો છે

23. A widowed Hindu daughter-in-law :

(A) can claim maintenance from her father-in-law

(B) cannot claim maintenance from her father-in-law

(C) can claim maintenance from brother-in-law

(D) None of the above

હિંદુ વિધવા પુત્રવધુ –

(A) તેના સસરા પાસેથી ભરણપોષણ માંગી શકે

(B) તેના સસરા પાસેથી ભરણપોષણ માંગી શકે નહિ

(C) તેના જેઠ/દીયર પાસેથી ભરણપોષણ માંગી શકે

(D) ઉપર પૈકીના કોઈ નહી

24. Ceremonies of marriage are *not* necessary under :

(A) The Hindu Marriage Act (B) The Muslim Law

(C) The Parsi Law (D) The Special Marriage Act

નીચેના પૈકી કયા કાયદામાં લગ્નવિધિ જરૂરી નથી

(A) હિંદુ લગ્ન ધારો (B) મુસ્લીમ કાયદો

(C) પારસી લગ્ન ધારો (D) વિશિષ્ટ લગ્ન ધારો

25. Is there any Union Law on divorce for Muslim in India ?

(A) Yes

(B) No

(C) Only a statute of J & K State

(D) None of the above

ભારતમાં મુસ્લીમો માટે લગ્નવિચ્છેદનો કેન્દ્રસરકારનો કોઈ ધારો છે ?

(A) હા

(B) ના

(C) ફક્ત જમ્મુ અને કાશ્મીર રાજયનો અધિનિયમ

(D) ઉપર પૈકીનું કોઈ નહિ

26. Only ground available for Dissolution of Marriage under the Special Marriage Act, 1954 is :

(A) Cruelty
(B) Impotency
(C) Adultery
(D) Desertion

વિશિષ્ટ લગ્નધારો, ૧૯૫૪ અન્વયે લગ્નવિચ્છેદનું પ્રાપ્ત થતું એકમાત્ર કારણ–

(A) ક્રૂરતા
(B) નપુંસકતા
(C) વ્યભિચાર
(D) ત્યાગ

27. In case of breach of a contract damages are payable :

(A) to punish a party for breach of contract
(B) to compensate the aggrieved party for special losses
(C) to put the parties in a situation as if contract is not broken
(D) None of the above

કરાર ભંગમાં નુકસાન વળતર ચૂકવવાનું કારણ

(A) કરાર ભંગ કરનાર પક્ષકારને શિક્ષા કરવા
(B) વ્યથિત પક્ષકારને થયેલ વિશિષ્ટ નુકસાન ભરપાઈ કરવા
(C) જાણે કે કરાર ભંગ થયો નથી તેવી સ્થિતિમાં પક્ષકારોને મૂકવા
(D) ઉપર પૈકી કોઈ નહી

28. State whether the following statement is *True* or *False* :
The case of Cundy *Vs.* Lindsay deals with mistake as to the nature of the transaction.

(A) True
(B) False

નીચે જણાવેલ વિધાન ખરૂં છે કે ખોટું છે તે જણાવો :
કન્ડી વિ. લિન્ડસેના કેસની બાબત વ્યવહારના સ્વરૂપ અંગેની ભૂલ છે.

(A) ખરૂં
(B) ખોટું

29. State whether the following statements is *True* or *False* :
Each party is a promisor and promisee in every contract.

(A) True
(B) False

નીચે જણાવેલ વિધાન ખરૂં છે કે ખોટું છે તે જણાવો :
દરેક પક્ષકાર વચનદાતા તેમજ વચનગ્રહીતા હોય છે.

(A) ખરૂં
(B) ખોટું

30. Under the Indian Contract Act, consideration for a contract may :
(A) move from the promisee
(B) move from the promisee or any other person
(C) move from the third party
(D) None of the above
ભારતીય કરાર અધિનિયમ અન્વયે કરારનો અવેજ
(A) વચનગ્રહીતા પાસેથી આવવું જોઈએ
(B) વચનગ્રહીતા કે અન્ય કોઈ વ્યક્તિ પાસેથી આવવું જોઈએ
(C) ત્રાહિત પક્ષકાર પાસેથી આવવું જોઈએ
(D) ઉપર પૈકી કોઈ નહી

31. State whether the following statements is *True* or *False* :
An attempt at deceit which does not deceive is not fraud.
(A) True (B) False
નીચે જણાવેલ વિધાન ખરૂં છે કે ખોટું છે તે જણાવો :
છેતરપીડીનો જે પ્રયત્ન છેતરતો નથી તે કપટ નથી.
(A) ખરૂં (B) ખોટું

32. Communication of acceptance is complete :
(A) before the offer is revoked
(B) when acceptance is put in a course of transmission
(C) even when the acceptance is lost in transmission
(D) after the revocation of acceptance reaches the offerer
સ્વીકારનું સંવહન ત્યારે જ સંપૂર્ણ થાય :
(A) પ્રસ્તાવ રદ થતાં પહેલા
(B) જયારે સ્વીકાર સંદેશા વ્યવહારના ક્રમમાં રવાના કરવામાં આવે
(C) જયારે સ્વીકાર સંદેશા વ્યવહાર દરમ્યાન ગુમ થાય ત્યારે પણ
(D) સ્વીકારનું રદીકરણ પ્રસ્તાવ મુકનારને પહોંચ્યા બાદ

33. Volenti non fit injuria is :
(A) a general defence in breach of contract
(B) a specific tort
(C) a defence in tortious action
(D) knowledge of the wrong
'સ્વેચ્છાએ સ્વીકારેલી હાનિ નુકસાન નથી' એ
(A) કરારભંગનો સામાન્ય બચાવ છે
(B) એક વિશિષ્ટ અપકૃત્ય છે
(C) અપકૃત્યના દાવામાં એક બચાવ છે
(D) દુષ્કૃત્યની જાણકારી છે

34. Vis major means :
(A) Act of God
(B) A major vice
(C) The main ground for action
(D) None of these
'વીસ મેજોર' એટલે કે–
(A) દૈવી કૃત્ય
(B) એક ગંભીર દૂષણ
(C) દાવો કરવાનું મુખ્ય કારણ
(D) આમાંથી કોઈ નહિ

35. Vicarious liability may arise where the doer of the act and the person sought to be held liable are related to each other as :
(A) Master and Servant
(B) Principal and Agent
(C) Firm and its partners
(D) All of these
પ્રતિનિધિત્વ જવાબદારી ત્યારે જ ઉત્પન્ન થાય જયારે કૃત્ય કરનાર અને જવાબદાર થનાર વ્યક્તિ પરસ્પર
(A) માલિક અને નોકર
(B) મુખ્યકર્તા અને અભિકર્તા
(C) પેઢી અને તેના ભાગીદારો
(D) આમાંથી તમામ – નો સંબંધ ધરાવતા હોય

36. Of all the possible purposes of action in tort, the most important purpose is :
(A) to restore to the plaintiff what another has unjustly obtained at his expense
(B) to deter a person from wrong doing
(C) to decide the rights of the parties
(D) to compensate for the harm caused
અપકૃત્યના દાવામાં શકય તમામ હેતુઓ પૈકી સૌથી વધુ મહત્વનો હેતુ
(A) અન્ય વ્યક્તિએ જે અન્યાયી લાભ વાદીને ભોગે મેળવ્યો હોય તે ભરપાઈ કરવાનો
(B) ખોટું કૃત્ય આચરનાર વ્યક્તિને ભય પમાડવાનો
(C) પક્ષકારોના હકકો ઠરાવવાનો
(D) પહોંચેલા નુકશાનને ભરપાઈ કરવાનો છે

37. The case of Rylands *Vs.* Fletcher deals with :

(A) non-intentional act of the independent contractor

(B) negligence of the person who has undertaken the work

(C) the nuisance caused by the landowner

(D) non-natural use of the land

રાયલેન્ડસ વિ. ફલેચરનો કેસ

(A) સ્વતંત્ર કોન્ટ્રેકટરનું નિર્દોષ કૃત્ય છે

(B) કામ કરવાની જવાબદારી સ્વીકારનારની ઉપેક્ષા

(C) જમીન માલિક દ્વારા કરેલ ઉપદ્રવ

(D) જમીનનો અકુદરતી ઉપયોગ

38. State whether the following statement is *True* or *False* :
Principle of contributory negligence is made applicable in case of wrongs committed by children.

(A) True (B) False

નીચેનું વિધાન ખરૂં કે ખોટું છે તે જણાવો :
સહાયક ઉપેક્ષાનો સિદ્ધાંત બાળકોએ કરેલા અપકૃત્યને લાગુ પડે છે.

(A) ખરૂં (B) ખોટું

39. Which one of the following is *not* an essential element of an offence :

(A) Intention (B) Motive

(C) Punishment (D) Act

નીચેના પૈકીનું કયું ગુનાનું એક આવશ્યક ઘટક નથી ?

(A) ઈરાદો (B) હેતુ

(C) શિક્ષા સજા (D) કૃત્ય

40. Which one of the following cases *does not* deal with 'Common Intention' ?

(A) Mahboob Shah *Vs.* King Emperor

(B) Barendra Kumar Ghosh *Vs.* Emperor

(C) Pahunchilal and others *Vs.* State of U.P.

(D) Srinivas Mal Barolia *Vs.* Emperor

નીચેના પૈકી કયો કેસ "સામાન્ય ઈરાદા" ને લગતો નથી ?

(A) મેહબુબ શાહ વિ. કિંગ એમ્પરર

(B) બરેન્દ્રકુમાર ઘોષ વિ. એમ્પરર

(C) પહુંચીલાલ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ યુ. પી.

(D) શ્રીનિવાસ મલ બરોલીયા વિ. એમ્પરર

41. A instigates B to beat C on a particular day and time. When B was beating C, A was present at that time. A and B are liable jointly for beating on the ground of :

(A) Common Intention

(B) Criminal Conspiracy

(C) Common knowledge or Intention

(D) Abetment

A, C ને ચોકક્સ દીવસે અને સમયે માર મારવા ઉશ્કેરણી કરે છે જ્યારે B, C ને મારતો હતો ત્યારે A હાજર હતો. C ને માર મારવાના ગુના માટે A અને B કયા કારણસર સંયુક્તપણે જવાબદાર છે ?

(A) સામાન્ય ઈરાદો

(B) ગુનાહિત કાવતરું

(C) સામાન્યજ્ઞાન અથવા ઈરાદો

(D) મદદગારી

42. A asks his father-in-law to send his wife with him, but the father-in-law denies to send her with him. A enters the room, where his wife is sitting and drags her by force. His brother-in-law B stabs him to protect his sister from being dragged, resulting in grievous hurt to A. What offence has B committed ?

(A) Murder
(B) Culpable Homicide
(C) Grievous Hurt
(D) None of these

A પોતાની પત્નીને પોતાની જોડે મોકલવા તેના સસરા સમક્ષ માંગણી કરે છે. પરંતુ તેના સસરા તેની જોડે મોકલવાનો ઈનકાર કરે છે. A તેની પત્ની જ્યાં બેઠી હોય તે ખંડમાં પ્રવેશ કરે છે અને બળપૂર્વક તેને ઘસડે છે. તેનો સાળો B પોતાની બહેનને બળપૂર્વક ઘસડાતી અટકાવવા તીક્ષ્ણ હથિયાર હુલાવી દે છે. પરિણામે A ને મહાવ્યથા પહોંચે છે. B એ કયો ગુનો આચર્યો છે ?

(A) ખૂન
(B) સાપરાધ મનુષ્ય વધ
(C) મહાવ્યથા
(D) આમાંથી કોઈ નહી

43. The case of Director of Public Prosecutor *Vs.* Beard is concerned with :

(A) Insanity (B) Drunkenness

(C) Infancy (D) Mistake of facts

ડાયરેક્ટર ઓફ પબ્લિક પ્રોસિક્યૂટર વિ. બિયર્ડનો કેસ કોને લગતો છે.

(A) ગાંડપણ (B) દારૂનું સેવન (પીધેલાપણું)

(C) બાળકનું કૃત્ય (D) હકીકતની ભૂલ

44. In which of the following cases the defence of insanity can be taken :

(A) The accused did not understand the nature of the act what he was doing

(B) The accused was insane before doing the act

(C) The accused became insane at the time of trial

(D) In all the above cases

નીચેના પૈકી કયા કેસમાં ગાંડપણનો બચાવ તરીકે રજુ કરી શકાય.

(A) આરોપી તેણે કરેલ કૃત્યનું સ્વરૂપ જાણતો ન હતો.

(B) કૃત્ય કરતાં પહેલાં આરોપી ગાંડો હતો.

(C) ફોજધારી કાર્યવાહી વખતે આરોપી ગાંડો થયો.

(D) ઉપરોક્ત દરેક કેસમાં.

45. State whether the following statement is *True* or *False* :

Here agreement to commit an offence does not amount to criminal conspiracy

(A) True (B) False

માત્ર ગુન્હો કરવાની સમજૂતી કરવાથી ગુન્હાહિત કાવત્રું બનતું નથી.

(A) ખરૂં (B) ખોટું

46. Under the Trade Unions Act, 1926, the general funds of a registered trade union shall not :

(A) be spent on payment of salaries, allowances and expenses to office bearers

(B) be spent on the administrative expenses

(C) be spent on prosecution or defence of any legal proceeding, by or against the trade union or its member

(D) be spent for the promotion of the civic and political interest of its member

કામદાર સંઘોના અધિનિયમ, ૧૯૨૬ અન્વયે

કામદાર સંઘનું સામાન્ય ભંડોળ

(A) હોદ્દેદારોના વેતનો, ભથ્થાં અને ખર્ચા કરવા

(B) વહીવટી ખર્ચાઓ કરવા

(C) કામદાર સંઘ કે તેના સભ્ય દ્વારા કે વિરૂદ્ધ કાનૂની કાર્યવાહી કરવા કે તેનો બચાવ કરવા.

(D) તેના સભ્યના નાગરિક અને રાજકીય હિતના ઉત્કર્ષ માટે-ખર્ચ કરી શકાશે નહી

47. The Industrial Tribunal under the Industrial Disputes Act, 1947, shall consist of :

(A) One person
(B) Three persons
(C) Five persons
(D) None of these

ઔદ્યોગિક વિવાદોના અધિનિયમ, ૧૯૪૭ અન્વયેના ઔદ્યોગિક પંચમાં

(A) એક વ્યક્તિનો
(B) ત્રણ વ્યક્તિઓનો
(C) પાંચ વ્યક્તિઓનો
(D) આમાંથી કોઈ નહી

નો સમાવેશ થાય છે.

48. Under the Industrial Disputes Act, 1947, an award shall become enforceable on expiry of :

(A) Fifteen days
(B) Twenty-one days
(C) Thirty days
(D) Sixty days

from the date of its publication

ઔદ્યોગિક વિવાદોના અધિનિયમ, ૧૯૪૭ અન્વયે એવાર્ડ પ્રસિદ્ધ થયાના

(A) પંદર દીવસો
(B) એકવીસ દીવસો
(C) ત્રીસ દીવસો
(D) સાંઠ દીવસો

બાદ અમલી બને છે.

49. Under the Industrial Disputes Act, 1947, no employer carrying on any public utility service shall lockout within :

(A) Seven days
(B) Fourteen days
(C) Fifteen days
(D) Thirty days

after the conclusion of conciliation proceedings.

ઔદ્યોગિક વિવાદોના અધિનિયમ, ૧૯૪૭, અન્વયે જાહેર ઉપયોગી સેવાઓમાં રોકાયેલો માલિક સમાધાન કાર્યવાહીના અંત પછી

(A) સાત દીવસો
(B) ચૌદ દીવસો
(C) પંદર દીવસો
(D) ત્રીસ દીવસો

સુધી તાળાબંધી કરી શકશે નહી.

50. Under the Industrial Disputes Act, 1947, strike means :

(A) Violent refusal to work, to coerce management
(B) Arbitrary denial by management to employ a workman
(C) Collective or converted refusal to work in pursuance to industrial dispute
(D) None of the above

ઔદ્યોગિક વિવાદોના અધિનિયમ, ૧૯૪૭ અન્વયે હડતાલ એટલે

(A) સંચાલક પર દબાણ લાવવા કામ કરવાનો હિંસક ઈનકાર
(B) સંચાલક દ્વારા કામદારને કામ પર રાખવાનો મનસ્વી ઈનકાર
(C) ઔદ્યોગિક વિવાદના સંદર્ભમાં કામ કરવાનો સામુહિક અથવા એકમત થઈને કરેલો ઈનકાર
(D) ઉપર પૈકીનું કોઈ નહી.

## ROUGH WORK

## ROUGH WORK

SEAL